નવસારીમાં ઉમેદવારીનો 'પાવર શો'

39 ડિગ્રી ગરમીમાં રાજકીય શક્તિ અને ઉત્સાહનો મહોત્સવ

નવસારીઃ શનિવારે 39 ડિગ્રીના કડકડતા તાપમાં પણ નવસારી જિલ્લામાં ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ જાણે રાજકીય શક્તિ અને ઉત્સાહનો મહોત્સવ બની ગયો. બપોરના તીવ્ર તડકાને પડકાર આપતા ઉમેદવારો અને તેમના સમર્થકો ભારે સંખ્યામાં ફોર્મ ભરવા ઉમટી પડ્યા હતા. શહેરના રસ્તાઓ ઢોલ-નગારા, નારા અને કાફલાઓથી ગુંજી ઉઠ્યા હતા અને દરેક ખૂણે ચૂંટણીનો રંગ છવાયો હતો.

નવસારી મહાનગરપાલિકા, ગણદેવી નગરપાલિકા તેમજ જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની બેઠકો માટે આખો દિવસ ઉમેદવારી પ્રક્રિયા ચાલી. મહાનગરપાલિકાની તમામ 52 બેઠકો પર ભાજપ અને કોંગ્રેસે ડમી ઉમેદવારો સાથે પોતાની સંપૂર્ણ શક્તિ દેખાડી, જ્યારે આમ આદમી પાર્ટીએ 27 બેઠકો પર ઉમેદવારી નોંધાવી સ્પર્ધાને વધુ તીખી બનાવી.

વોર્ડ નંબર 4 આ ચૂંટણીનું કેન્દ્રબિંદુ બની ગયું છે, જ્યાં ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખિયો જંગ નિશ્ચિત થયો છે. ત્રણેય પક્ષોની પેનલ સાથે અપક્ષ ઉમેદવારો પણ મેદાનમાં ઉતરતા અહીંનો મુકાબલો સૌથી વધુ રોમાંચક અને ટક્કરભર્યો બનવાની શક્યતા છે.

મચ્છરદાની સાથે કોંગ્રેસનો પ્રતીકાત્મક હુમલો

કોંગ્રેસના ઉમેદવારોએ શહેરમાં મચ્છર અને ગંદા પાણીની સમસ્યાને મુદ્દો બનાવી મચ્છરદાની સાથે ફોર્મ ભરવા આવી અનોખો વિરોધ નોંધાવ્યો. "મનપા હાય હાય"ના નારા સાથે તંત્રને સંદેશ આપવામાં આવ્યો.

26 એપ્રિલે મતદાન - હવે અંતિમ મુકાબલો નજીક

નવસારી મહાનગરપાલિકા	52 બેઠકો
ગણદેવી નગરપાલિકા	24 બેઠકો
જલાલપોર તાલુકા પંચાયત	16 બેઠકો
ગણદેવી તાલુકા પંચાયત	24 બેઠકો
ચીખલી તાલુકા પંચાયત	28 બેઠકો
ખેરગામ તાલુકા પંચાયત	16 બેઠકો
વાંસદા તાલુકા પંચાયત	28 બેઠકો

અંતિમ દિવસે પક્ષોએ આંતરિક અસંતોષ કાબૂમાં રાખવા માટે છેલ્લી ઘડીએ મેન્ડેટ આપ્યા હતા, છતાં ટિકિટ ન મળતા કેટલાક કાર્યકરોમાં નારાજગી ખુલ્લેઆમ સામે આવી. દિવસભર ઉમેદવારો પોતાના સમર્થકો સાથે શક્તિપ્રદર્શન કરતા ફોર્મ ભરવા પહોંચતા શહેરમાં રાજકીય જ્વાર ઉછળતો રહ્યો. સાંજે 3 વાગ્યા સુધી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ફોર્મ ચકાસણી હાથ ધરાઈ.

પક્ષપલટાથી બદલાતું રાજકીય દૃશ્ય

ચૂંટણી પહેલા રાજકીય ફેરફારોએ પણ માહોલ ગરમાવ્યો. વોર્ડ 13ની ભૂતપૂર્વ ભાજપ સભ્ય પ્રીતિબેન અમીને કોંગ્રેસમાં જોડાઈ નવી દિશા અપનાવી, જ્યારે મીરલ પટેલે પોતાના વિસ્તારના પ્રશ્નોને ધ્યાનમાં રાખી કોંગ્રેસનો હાથ પકડ્યો. આ બદલાવોથી ચૂંટણીના સમીકરણોમાં નવો વળાંક આવી શકે છે.

નવસારી મનપા ચૂંટણી, કોંગ્રેસના ઉમેદવાર

વોર્ડ નં. 1
જયશ્રીબેન જીગ્નેશ રાઠોડ
મનિષાબેન હરેશભાઈ દેવાણી
નેહલકુમાર પ્રભુભાઈ પટેલ
જયેશભાઈ સુખાભાઈ આહીર
વોર્ડ નં. 2
વિપુલકુમાર બચુભાઈ મકવાણા
બીનાબેન ભરતભાઈ પરમાર
અનિલભાઈ ભરતભાઈ પટેલ
કલાવતીબેન વિજયભાઈ નાયકા
વોર્ડ નં. 3
મીતીક્ષા બાબુભાઈ રાઠોડ
કૈલાશબેન દિનેશભાઈ પાઘડાળ
રાજેશ હરગોવિંદભાઈ ગોહિલ (રાજુ કિનારા)
દિલીપ મોતીલાલ શેઠ
વોર્ડ નં. 4
રીટા ધર્મેશકુમાર માળી
પ્રભા નરેશકુમાર વલસાડીયા
પ્રકાશ કાંતિભાઈ હળપતિ
ગુલામ મુસ્તુફા ચૌધરી
વોર્ડ નં. 5
હર્ષિતા અનિલભાઈ હળપતિ
ભાવનાબેન પ્રવિણસિંહ ગોહિલ
ભાવિનકુમાર વિનોદભાઈ લાડ
મીરલકુમાર સુમનભાઈ પટેલ
વોર્ડ નં. 6
પિયુષ ભીખુભાઈ ઢીમ્મર
મુમતાઝ સલીમ મુલ્લા
પ્રીતિ ધર્મેશ અમીન
ધર્મેશ વસંતભાઈ પટેલ
વોર્ડ નં. 7
કૃતિકા બંકિમભાઈ વૈદ્ય
દિપાલી જીવનભાઈ ગાયકવાડ
પ્રકાશ ગણપત વાસી
ફિરોઝ અબ્દુલ રહેમાન સૈયદ
વોર્ડ નં. 8
નર્મદાબેન નવનીતભાઈ ટંડેલ
નિરજબેન સંજયકુમાર ક્ષત્રિય
મેહુલ દીપકભાઈ બારોટ
જીગ્નેશ રમેશભાઈ પટેલ
વોર્ડ નં. 9
ભવિશાબેન મિનેશ પટેલ
ભવિશાબેન સતિષભાઈ પટેલ
કમલેશ રમેશ હળપતિ
અનિલ નાથાલાલ ગાંગાણી
વોર્ડ નં. 10
સંગીતાબેન દિલીપભાઈ પટેલ
કલાબેન ગુલાબભાઈ રાઠોડ
અનિલ ગણપત વાસી
ગણેશ ભીખા વરખડે
વોર્ડ નં. 11
દમુતાબેન ચિંતામણી નીકમ
ભરત દેવજી પરમાર
સુરેશ નારાયણ રાજપુત
સંગીતાબેન દિલીપભાઈ પટેલ
વોર્ડ નં. 12
અશોકકુમાર મોહનભાઈ પટેલ
તરુણકુમાર ટીકુભાઈ ઘડિયાળી
ડિમ્પલ સતિષભાઈ નાયકા
હંસાબેન વિનોદભાઈ રાઠોડ
વોર્ડ નં. 13
પ્રમોદભાઈ બાબુભાઈ રાઠોડ
મનોજકુમાર હર્ષદભાઈ નાયક
હેતલબેન રોહિતભાઈ ગાંધી
લક્ષ્મીબેન રમેશભાઈ ઢોડીયા

'AAP'ના ઉમેદવારો

વોર્ડ નં. 1
સુરેશભાઈ બચુભાઈ પાંડે
વોર્ડ નં. 2
કંચનબેન જયંતીભાઈ બાંભણીયા, ઠાકોરભાઈ રામજીભાઈ ગોપી, અમિત કાંતિભાઈ સરવૈયા
વોર્ડ નં. 3
મહેશભાઈ ગણપતભાઈ મોરે
વોર્ડ નં. 4
પ્રેરણા ગિરીશભાઈ ગાંધી, નમીરા નિઝામુદ્દીન ઉસ્માની, હિતેષભાઈ રમેશભાઈ નાયકા જીગ્નેશકુમાર ચંદ્રકાંત મસાલાવાળા
વોર્ડ નં. 5
નમીરા ઈરફાન શેખ, ધર્મેશકુમાર પટેલ, કેતનભાઈ કટારીયા
વોર્ડ નં. 6
અસ્મા રફીકભાઈ શેખ, મયુરકુમાર મુકેશભાઈ પટેલ, વાસીમ જાવેદ પાનવાલા
વોર્ડ નં. 7
અનીશખાન પઠાણ
વોર્ડ નં. 8
ચંદ્રકાંત પ્રાણજીવનદાસ રાણા, દીપકભાઈ શર્મા
વોર્ડ નં. 9
રમેશચંદ્ર દીરુભાઈ પટેલ
વોર્ડ નં. 10
ઉમાકાન્ત દામુભાઈ સિમ્પી
વોર્ડ નં. 11
સોનકર નમ્રતાબેન સંજયકુમાર, રિતેશકુમાર બાબુભાઈ પરમાર, અનિલકુમાર બડેલાલ ભાદોરીયા
વોર્ડ નં. 12
નફીસાબીબી મુરાદબેગ મિર્ઝા, શશીકાંત દીરુભાઈ હળપતિ
વોર્ડ નં. 13: દિનેશભાઈ બુધિયાભાઈ પટેલ, નૂર મોહમદ મોહમદ શેખ

ટિકિટ માટે કોંગ્રેસ પ્રભારીએ પૈસા માંગ્યા હોવાનો આક્ષેપ

વઘઈ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ઘનશરામ ભોયેએ રાજીનામું આપ્યું

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઘનશરેમ ભોયેએ પક્ષના પ્રાથમિક સભ્ય પદ તેમજ તાલુકા પ્રમુખ પદેથી પોતાનું રાજીનામું આપ્યું છે. ઘનશરામ ભોયેએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેઓ છેલ્લા અંદાજે 30 વર્ષથી પોતાના પરિવાર સાથે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે નિષ્ઠાપૂર્વક જોડાયેલા રહ્યા છે. હાલ ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેમણે ટિકિટ માટે માંગણી કરી હતી. તે દરમિયાન કોંગ્રેસ પ્રભારી દ્વારા વોટ્સએપ કોલ કરી પોતાના ઘરે બોલાવી મૌખિક રીતે પૈસાની માંગણી કરવામાં આવી હોવાનું તેમણે આક્ષેપ કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પ્રકારની માંગણી તેમની નૈતિકતાના સિદ્ધાંતો વિરુદ્ધ હોવાથી તેમણે પૈસા આપવાનો ઇન્કાર કર્યો હતો. ત્યારબાદ પક્ષના તાલુકા પ્રમુખ હોવા છતાં તેમને ચૂંટણી પ્રક્રિયામાં અંધારામાં રાખવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતુ, જે તેમના જેવા કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તા માટે અપમાનજનક હોવાનું તેમણે જણાવ્યું છે.

આ ઉપરાંત, ગત અનેક ચૂંટણીઓમાં પક્ષ વિરુદ્ધ કાર્ય કરનાર વ્યક્તિઓને પ્રાધાન્ય આપીને ટિકિટ ફાળવણી કરવામાં આવી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો છે.

આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને તેમણે નૈતિકતાના ધોરણે પક્ષના પ્રાથમિક સભ્ય પદ તેમજ વઘઈ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું છે. ડાંગ જિલ્લા વઘઈ તાલુકા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ ઘનશરામ ભોયે દ્વારા કોંગ્રેસમાંથી અચાનક રાજીનામું આપતા સાકરપાતળ જિલ્લા સીટ સહિત વઘઈ તાલુકામાં કોંગ્રેસને નુકસાન વેઠવાની નોબત ઊભી થઈ છે.

ડાંગમાં જિ. અને તા. પંચાયત માટે કુલ ૨૫૫ નામાંકન ફોર્મ ભરાયાં

જિલ્લા પંચાયતની ૧૮ બેઠક માટે ૮૭ અને ૩ તાલુકા પંચાયતની ૪૮ બેઠક માટે ૧૬૮ ફોર્મ ભરાયાં

સુબિર જિલ્લા બેઠક પર સાસુ-વહુ વચ્ચે જામશે ટક્કર

સુબિર જિલ્લા પંચાયત બેઠક પર રસપ્રદ રાજકીય પરિસ્થિતિ સર્જાઈ છે. કોંગ્રેસ તરફથી જયનુબેન બાબુભાઈ બાગુલે ઉમેદવારી નોંધાવી છે, જ્યારે ભાજપા તરફથી તેમની વહુ પ્રિયંકાબેન રાજુભાઈ કુંવરે ફોર્મ ભરતા સાસુ-વહુ વચ્ચે સીધી ટક્કર સર્જાઈ છે. આ અનોખી રાજકીય જંગને કારણે સમગ્ર જિલ્લામાં આ બેઠક ખાસ ચર્ચામાં આવી છે.

શામગહાનની ભાજપની ટિકિટ ન મળતાં અપક્ષ ઉમેદવારી

શામગહાન જિલ્લા સીટ પરથી ભાજપામાંથી ટિકિટ ન મળતા અપક્ષ ઉમેદવારીથી રાજકીય ગરમાવો.આહવા તાલુકાની શામગહાન જિલ્લા બેઠક પર ભાજપામાં ટિકિટ ન મળતા કમળીબેન અર્જુનભાઈ ગવળીએ અપક્ષ ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. જેના કારણે આ બેઠક પર પણ રાજકીય સ્પર્ધા વધુ તીવ્ર બની છે.

સાપુતારાઃ સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ માટે ડાંગ જિલ્લામાં ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી જિલ્લા પંચાયતની 18 બેઠક માટે 87 અને તાલુકા પંચાયતની 48 બેઠક માટે કુલ 168 ઉમેદવારીપત્રો રજૂ થયા છે. જિલ્લા ચૂંટણી તંત્ર પાસેથી સાંજના 7 વાગ્યાં સુધીમાં પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લા પંચાયતની કુલ 18 બેઠક માટે 87 ફોર્મ રજૂ થયા છે. જેમાં આહવા તાલુકામાં 38 ફોર્મ, વઘઈ તાલુકામાં 30 અને સુબીર તાલુકામાં 19 ફોર્મ રજૂ થયા છે. આ સાથે ડાંગના ત્રણેય તાલુકા પંચાયતોની કુલ 48 બેઠક માટે 255 જેટલા ફોર્મ રજૂ થયા છે. જેમાં આહવા તાલુકામાં 45 ફોર્મ, વઘઈ તાલુકામાં 55 અને સુબીર તાલુકામાં 68 ફોર્મ રજૂ થયા છે. ઉલ્લેખનીય છે કે, આ ચૂંટણીના નિયત કાર્યક્રમ અનુસાર 13 એપ્રિલ ના રોજ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ તમામ નામાંકન પત્રોની ચકાસણી હાથ ધરાશે. જ્યારે ફોર્મ પરત ખેંચવાની તા.15 એપ્રિલ બાદ કેટલા ઉમેદવારો મેદાનમાં રહે છે તે ચિત્ર સ્પષ્ટ થઈ શકશે.

ડાંગ જિલ્લા પંચાયતની ચૂંટણીના ઉમેદવાર

બેઠકનું નામ	ભાજપ	કોંગ્રેસ	આમ આદમી પાર્ટી	અન્ય / અપક્ષ
બરડા	અરુણાબેન દિનેશભાઈ ભોયે, ચંદ્રકલાબેન નગીનભાઈ ગાવિત		કૈલાશબેન જીતેન્દ્રભાઈ ભોયે	-
દગડીઆંબા	સરલાબેન કિશોરભાઈ ગાઈન, સુભાષભાઈ ગણેશભાઈ ગાઈન	મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત, નિતેશભાઈ દેવરામભાઈ ચૌધરી	મહેશભાઈ બાલુભાઈ ગાવિત	કેતનભાઈ યશવંતભાઈ ગાવિત (અપક્ષ)
કડમાળ (સીટ-10)	રાજેશભાઈ મનસુખભાઈ ગામિત, મોહનભાઈ ભીલુભાઈ ચૌધરી	કરીમભાઈ રમાભાઈ ખાસ્યા, સીતારામભાઈ શિવાભાઈ ગાયકવાડ	-	ગીતાબેન નિલેશભાઈ ઝાંભરે (BAP)
કાલીબેલ (સીટ-11)	જીતેન્દ્રભાઈ દામુભાઈ પવાર	જિગ્નેશભાઈ ચંદરભાઈ પટેલ, નિતિનભાઈ દામુભાઈ ગાઈન	દિનેશભાઈ ગુલાબભાઈ પવાર, ગુલાબભાઈ જીવાભાઈ પવાર	-
કોશીમદા (સીટ-12)	કલ્પનાબેન મહેશભાઈ તુંબડા, જાગૃતિબેન નટુભાઈ ગામિત	માથાબેન નરેશભાઈ રેંજડ, આશાબેન બિપિનભાઈ ગામિત	ચંદ્રિકાબેન નાનુભાઈ પવાર	-
સાકરપાતળ (સીટ-14)	મંગલેશભાઈ ચિમનભાઈ ભોયે, કલ્પેશભાઈ રમચંદ્રભાઈ ઠાકરે	મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત, બલવંતભાઈ દૌલતભાઈ દેશમુખ	પ્રકાશભાઈ સયાજીભાઈ વાઘમારે	-
વઘઇ (સીટ-18)	ઉષાબેન ધર્મેશભાઈ પટેલ, હેતલબેન જયભાઈ આહીર	સંગીતાબેન રમેશભાઈ ભોયે	વર્ષાબેન સીતારામભાઈ ભોયે	-

ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ પત્નીનું જ ફોર્મ ન ભરી શક્યા

ઉમેદવારો વાજતે ગાજતે ફોર્મ ભરવા પહોંચ્યા

ઘેજઃ ઘેજઃ ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ પત્નીનું ફોર્મ ભરી ન શક્યતાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ આજે ઉમેદવારી પત્રક ભરવાના અંતિમ દિવસે ખુદ ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સમયસર પોતાની પત્નીનું ઉમેદવારી પત્રક રજૂ ન કરી શકતા આ ઘટનાને પગલે તાલુકામાં અનેક તર્કવિતર્ક ઉભા થવા પામ્યા હતા.

જોકે ઉમેદવારી ભરવામાં વિલંબ કરાયો કે પછી અન્ય કારણોસર ન ભરી શકાયું તેવા અનેક સવલો ઉભા થવા પામ્યા હતા. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલના જણાવ્યાનુસાર તેમણે જિલ્લા પંચાયતની ચાર બેઠકો ઉપર જીતનો

અન્ય ફોર્મ નહીં આવતા જિ. પં.ની બે બેઠક બિનહરીફ બની શકે

જિલ્લા પંચાયતની ઘેજ બેઠક પર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ એવા તલાવચોરાના ડો.અમીતાબેન અશ્વિનભાઇ પટેલ સામે કોંગ્રેસ કે અન્ય પક્ષનું એક પણ ઉમેદવારી પત્રક ન આવતા તેઓ બિનહરીફ થવાનું નિશ્ચિત છે. ડો.અમીતાબેન પટેલ આ સાથે શ્રીજીવાર ઘેજ જિલ્લા પંચાયતની બેઠકના સભ્ય તરીકે ચૂંટાઈ આવશે તેઓ અગાઉ આરોગ્ય સમિતિ અને બાંધકામ સમિતિના અધ્યક્ષ અને જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત તાલુકા પંચાયતની સમરોલી બેઠક પર પણ ભાજપના મુકુંદભાઇ સુમનભાઇ પટેલનું એક ઉમેદવારીપત્રક આવતા તાલુકામા એક જિલ્લા પંચાયત અને એક તાલુકા પંચાયત હાલની સ્થિતિએ બિનહરીફ જાહેર થશે જેને લઈને ભાજપના કાર્યકર્તાઓ ગેલમાં આવી જઇ ફટાકડા ફોડી મો-મીઠા કરાવી આનંદ વ્યક્ત કર્યો હતો.

ગણદેવી પાલિકાની 24 બેઠક માટે કોંગ્રેસના 20 જ ઉમેદવાર

તાલુકા પંચાયતની ૨૪, જિ.પંચાયતની ૬ બેઠકના ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

2 જિલ્લા પંચાયત, 6 તા.પંચાયતની બેઠક ઉપર ભાજપ બિનહરીફ

ગણદેવી તાલુકા પંચાયતમાં સમાવિષ્ટબે જિલ્લા પંચાયત બેઠકો દેવસર અને બીગરી બેઠક ઉપર ભાજપનાં ઉમેદવારો અને તાલુકા પંચાયતની બીગરી -૧, બીગરી-૨, દેવસર-૨, માસા, ભાઠા અને અજરાઈ તાલુકા પંચાયત બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ રહ્યા હતા.

બીલીમોરાઃ લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી જે સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ શુક્રવાર રાત્રે ઉમેદવારોની નામાવલી જાહેર કરી હતી. તે સાથે રાજકીય ગરમાટો વ્યાપી ગયો હતો. ગણદેવી મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીએ શનિવારે ઉમેદવારી પત્રકો રજૂ કર્યા હતા. ગણદેવી નગરપાલિકા ચૂંટણી માટે ચીખલી પ્રાંત કચેરીએ અંતિમ દિવસે ભાજપ અને કોંગ્રેસએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ગણદેવી નગરપાલિકાનાં વોર્ડ દીઠ ચાર બેઠક પ્રમાણે ૬ વોર્ડની ૨૪ બેઠક માટે શનિવારે કુલ ૬૯ ઉમેદવાર નોંધાયા છે. જેમાં ભાજપે ડમી ઉમેદવાર સહિત કુલ ૪૯ ઉમેદવારી પત્રકો રજૂ કર્યા હતા. જેની સામે કોંગ્રેસના માત્ર ૨૦ ઉમેદવાર જ નોંધાયા હતા. જેને પગલે ભાજપ પાંચ બેઠકો ઉપર બિનહરીફ રહેશે. વોર્ડ નંબર ૬ માં સૌથી વધુ ૧૩ ઉમેદવાર નોંધાયા હતા. જ્યારે વોર્ડ નં.૪ માં ૧૦ દાવેદાર નોંધાયા છે.

ગણદેવી નગરપાલિકાના ઉમેદવારો

વોર્ડ નંબર	ભાજપ (BJP)	કોંગ્રેસ (Congress)	અપક્ષ
વોર્ડ નં. ૧	રાજેશકુમાર પટેલ, સંજયકુમાર પટેલ, ભરતકુમાર રાઠોડ, પ્રિયંકાબેન હળપતિ, સારીકાબેન પટેલ, જ્યોતિબેન પટેલ, અમિતકુમાર રાઠોડ, વર્ષાબેન પંચાલ	ભાવેશકુમાર રાઠોડ, તેજલબેન હળપતિ, શર્મિલા મિસ્ત્રી	જયેશભાઈ હરજીવનદાસ ઢીમ્મર
વોર્ડ નં. ૨	રવિભાઈ પટેલ, પ્રિન્કેશભાઈ હળપતિ, કેતનકુમાર પટેલ, પિનાકીન પટેલ, જયલક્ષ્મી ગાજુલ, ભાનુબેન પટેલ, ગાયત્રીબેન પટેલ, ઉર્મિલાબેન સામલ, ફાલ્ગુની મુલીટી	અમીના મુલતાની, બળવંતભાઈ રાઠોડ	-
વોર્ડ નં. ૩	રેખાબેન હળપતિ, નિર્મલા હળપતિ, કાર્તિકકુમાર ચાંપાનેરી, અલ્લા રખી કુરેશી, શહબાઝ મુજાવર, ઉઝેર માસ્તર, મુમતાઝબીબી પઠાણ, મિતુલકુમાર ગાંધી	ઉમેદભાઈ સાગર, મયુર મિસ્ત્રી, અમીના મુલતાની	-
વોર્ડ નં. ૪	નિશાબેન દિનેશભાઈ સોલંકી, જ્યોતિબેન કલ્પેશકુમાર ટીમ્મર, સંગીતાબેન મનિષકુમાર કાયસ્થ, ધર્મેશકુમાર સુમનભાઈ હળપતિ, અમિષ સુભાષભાઈ ગાંધી, ગિરીશભાઈ સુરેશભાઈ હળપતિ, નિલેશકુમાર હરીશભાઈ શર્મા, રોમાબેન હિરેનભાઈ ભટ્ટ	નરેશભાઈ જગુભાઈ પટેલ	જયેશભાઈ હરજીવનદાસ ટીમ્મર
વોર્ડ નં. ૫	સરસ્વતીબેન પટેલ, અનીતાબેન ભંડારી, હંસાબેન હળપતિ, મિતેશ જોષી, પીનાકીન પંડ્યા, નીરવ અશોક સગર, રાજેશ મનુભાઈ પટેલ, તીર્થ જીગર ભંડારી	ઉમેદભાઈ સગર, જાગૃતિ જેમીન પટેલ, મયુર શાંતિલાલ મિસ્ત્રી	નીતાબેન સુર્વે
વોર્ડ નં. ૬	રોઝીનાબાનુ શેખ, અસ્માબાનુ શેખ, કેયુર વશી, પરેશકુમાર મકવાણા, હિરેન ચીમનભાઈ તલાવીયા, જયેશ ભગુભાઈ પટેલ, નસરીનબાનું રિઝવાન શેખ, સહેનાઝબાનું કોથાવાલા	નરેશ જગુભાઈ પટેલ, સીમામબાનુ શેખ, શર્મિલા મયુર મિસ્ત્રી, રમીઝમીયા સજ્જાદમીયા	અશોકકુમાર કેશવલાલ ટીમ્મર

ગણદેવી તાલુકાના જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવારો

બેઠકનું નામ	ભાજપ (BJP)	કોંગ્રેસ (INC)	આપ (AAP)
અમલસાડ	નિરાલીબેન નીલેશભાઈ નાયક, શ્વેતા હાર્દિક નાયક	સરોજબેન પિયુષભાઈ પટેલ	પ્રાચીબેન જયનિક તલાવિયા
બીગરી	ભીખુભાઈ અમૃતભાઈ પટેલ, સ્નેહલકુમાર ભીખુભાઈ પટેલ	-	-
દેવસર	રેખાબેન બિપીનચંદ્ર પટેલ, રીનાબેન સુનિલભાઈ પટેલ	-	-
ગણદેવા	તુષાર ઘનસુખભાઈ પટેલ, સેજલ તુષાર પટેલ	છનાભાઈ જેઠાભાઈ હળપતિ	યુવનાભાઈ ખાલપભાઈ પટેલ
કછોલી	દેવ્યાનીબેન મુકેશભાઈ નાયકા, રજનીબેન ચેતનભાઈ હળપતી	કલ્પનાબેન વિજયભાઈ રાઠોડ	સોનલબેન કિરણભાઈ તલાવિયા
સરીબુજરંગ	મનીષકુમાર સુમંતરાય પટેલ, વિપુલકુમાર મહેશભાઈ પટેલ	નિકુંજ બલ્લુભાઈ વશી	-

ધોળાપીપળા બ્રિજ પર અકસ્માત, બેનાં મોત

ઊભેલી ટ્રક સાથે બાઈક અથડાતા અકસ્માત સર્જાયો, બહેનના લગ્ન પહેલાં જ ભાઈનું મોત

નવસારીઃ નવસારી જિલ્લાના નેશનલ હાઈવે નંબર 48 પર ધોળાપીપળા બ્રિજ નજીક શનિવારે બનેલી એક ગંભીર માર્ગ દુર્ઘટનાએ બે પરિવારને શોકમાં ધકેલી દીધા છે. ઊભેલી ટ્રક સાથે બાઈક અથડાતા બે યુવાનના ઘટના સ્થળે જ મોત થયા હતા, જ્યારે એક યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

મળતી વિગતો મુજબ, બ્રિજ પર GJ 36 V 2192 નંબરની ટ્રક ઊભી હતી. તે દરમિયાન પાછળથી આવી રહેલી GJ 21 P 9497 નંબરની બાઈક ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક પર સવાર કૃતાર્થ નિલેશભાઈ હળપતિ (ઉં.વ.20, અષ્ટગામ) અને ધ્રુવીક મહેશભાઈ ધોડીયા પટેલ (ઉં.વ.19, મહુડી) ના સ્થળ પર જ મોત નીપજ્યા હતા. જ્યારે નિલેશ બાબુભાઈ હળપતિ (ઉં.વ.23) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ હતી, જેને વેસ્મા પોલીસ સ્ટેશનની ટીમે તાત્કાલિક નિયંત્રિત કરી પરિસ્થિતિ સામાન્ય બનાવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ત્રણેય યુવાનો અષ્ટગામની એક ખાનગી કંપનીમાં સાથે કામ કરતાં હતા. તે દિવસે તેઓ નોકરી પર જવા નીકળ્યા હતા, પરંતુ રસ્તામાં મોબાઈલના હપ્તા ભરવા માટે પલસાણા જવાના હતા. આ દરમિયાન ધોળાપીપળા બ્રિજ પર ઊભેલી ટ્રક પાછળ બાઈક અથડાતા આ કરુણ ઘટના બની હતી. આ બનાવમાં સૌથી વ્યથિત કરનાર વાત એ છે કે મૃતક કૃતાર્થ હળપતિની મોટી બહેનના તા. 27 એપ્રિલે લગ્ન નક્કી હતા. પરિવારમાં ખુશીની તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ આ અચાનક દુર્ઘટનાએ સમગ્ર પરિવારને શોકમાં ગરકાવ કરી દીધો છે. પિતાના અવસાન બાદ માતાએ મહેનત કરીને સંતાનોને ઉછેર્યા હતા.